દેશમાં ૫૨,૫૦૯ નવા કેસ, કુલ કેસ ૧૯ લાખને પાર

મૃત્યુઆંક ૩૯૭૯૫એ પહોંચ્યો : કોરોના મહામારી: છેલ્લા ૨૪ કલાકમાં, ૮૫૭ના મોત : દેશમાં રિકવરી રેટ હાલમાં ૬૭.૧૯ ટકા, ૮૨ ટકા કેસો ૧૦ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી

ન્યુ દિલ્હી,તા.૫

બુધવારે ૫ ઓગસ્ટની સવાર સુધીમાં ભારતમાં કોરોના કેસ ૧૯ લાખની પાર થઈ ગયા છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૨૫૦૯ નવા કોરોનાના કેસ સામે આવ્યા છે. જ્યારે ૮૫૭ દર્દીઓના મોત થયા છે. આ સાથ કોરોનાના કુલ કેસની સંખ્યા ૧૯,૦૮,૨૫૪ થઈ ગઈ છે. ૨૪ કલાકમાં ૮૫૭ દર્દીઓના મોત બાદ દેશમાં મરનારાની સંખ્યા વધીને ૩૯,૭૯૫ થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે આ બિમારીમાંથી અત્યાર સુધીમાં ૧૨,૮૨,૨૧૫ લોકો સાજા થઈ ગયા છે. છેલ્લા ૨૪ કલાકોમાં ૫૧૭૦૬ લોકો સાજા થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં થયેલા નવા ૮૦૩ મોતમાંથી ૨૬૬ મહારાષ્ટ્રમાં, ૧૦૯ તમિલનાડુમાં, ૯૮ કર્ણાટકમાં, ૬૩ આંધ્ર પ્રદેશમાં, ૫૩ પશ્ચિમ બંગાળમાં, ૪૮ ઉત્તર પ્રદેશમાં અને ૨૩ તેલંગાણામાં નોંધાયા છે.

બીજી તરફ, દેશમાં કોરોના સેમ્પલ ટેસ્ટિંગની સંખ્યામાં પણ સતત વધારો નોંધાઈ રહ્યો છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ જાહેર કરેલા આંકડાઓ મુજબ, ભારતમાં ૪ ઓગસ્ટ સુધીમાં કુલ ૨,૧૪,૮૪,૪૦૨ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં ૬,૧૯,૬૫૨ સેમ્પલ ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

દેશમાં રિકવરી રેટ હાલમાં ૬૭.૧૯ ટકા છે. ત્યારે પોઝિટિવીટીનો રેટ ૮.૪૭ ટકા છે. એટલે કે દેશમાં એક દિવસમાં જેટલા પણ સેમ્પલનું ટેસ્ટીંગ થઈ રહ્યું છે. તેમનાથી ૮.૪૭ ટકા લોકો પોઝિટિવ આવી રહ્યા છે.

સ્વાસ્થ્ય સચિવ રાજેશ ભૂષણે મંગળવારે જણાવ્યું હતું કે ભારતમાં ૨ કરોડ ટેસ્ટ થયા છે. ગત સપ્તાહમાં પોઝિટિવિટી રેટ ૧૧ ટકા હતો અને મેમાં કુલ સંખ્યાના આધાર પર ભારતમાં પોઝિટિવિટી રેટ ૮.૮૯ ટકા હતો. ૨૮ રાજ્યો એવા છે કે રોજના ૧૪૦ મિલિયન પ્રતિદિન ટેસ્ટ કરી રહ્યા છે. દેશમાં અત્યાર સુધીમાં ૫ લાખ ૮૬ હજાર પોઝિટિવ કેસ છે. લોકડાઉન બાદ મુત્યુદર અત્યારે સૌથી ઓછો ૨.૧૦ ટકા છે. કોવિડથી મરનારામાં ૬૮ ટકા પુરુષો અને ૩૨ ટકા મહિલાઓ છે. દેશમાં કોરોના વાઈરસ સતત નવા વિસ્તારોમાં પ્રસરી રહ્યો છે, પણ કુલ કેસોમાંથી ૮૨ ટકા કેસો ૧૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આવી રહ્યા છે. આમાં પણ ૫૦ જિલ્લાઓમાં ૬૬ ટકા કેસો નોંધાયા છે. જોકે દેશમાં કોરોનાથી મૃત્યુદર ઘટીને ૨.૧૦ થયો છે.

કોરોના અપડેટ્સ

ક્યાં	કેસ	મૃત્યુ	રિકવર
વિશ્વ	૧૮૮૧૭૧૪૨	૭૦૬૬૯૪	૧૫૯૨૩૪૧૬
ભારત	૧૯૫૯૪૬૮	૪૦૭૨૯	૧૩૨૪૫૬૮
ગુજરાત	૬૬૭૮૨	૨૫૫૭	૪૯૫૦૫
ગાંધીનગર	૧૭૪૧	૯૯	૧૨૬૭

વડાપ્રધાન મોદી ધોતી-કુર્તામાં ખાસ અંદાજમાં જોવા મળ્યા

અયોધ્યા, તા. ૫

આજના ઐતિહાસિક દિવસે પીએમ મોદીએ પારંપરિક ધોતી કર્તો પહેરવાનુ પસંદ કર્યુ હતું પીએમ મોદીએ ગોલ્ડન યલો રંગનો કુર્તો પહેર્યો હતો. ધાર્મિક કાર્યોમાં પીળો રંગ ઘણો શુભ માનવામાં આવે છે. રામલલાની પૂજા માટે પીએમ મોદીએ ખાસ પારંપરિક પીતાંબરી ધોતી અને સોનેરી કુર્તો પસંદ કર્યો હતો. હિંદુ ધર્મમાં કોઈ પણ પૂજા પાઠ માટે આને ખૂબ પવિત્ર માનવામાં આવે છે.

પીએમ મોદી જ્યારે પણ મંદિર દર્શન માટે જાય છે ત્યારે પારંપરિક પરિધાનને જ પ્રાથમિકતા આપે છે. આ સાથે જ તેમના વસ્ત્રોમાં સ્થાનિક સંસ્કૃતિની છાપ પણ જોવા મળે છે. દક્ષિણ ભારતના મંદિરમાં દર્શન કરતા સમયે પીએમ મોદી ધોતી પહેરીને જોવા મળ્યા. પીએમ મોદી ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૯એ કેરળના શ્રી પદ્મનાભસ્વામી મંદિર ગયા હતા. આ દરમિયાન તેમણે ત્યાં પારંપરિક અંગવસ્ત્ર પણ પહેર્યા હતા. પીએમ મોદી ૨૦૧૭માં ૧૦માં શીખ ગુરૂ, ગુરૂ ગોવિંદ સિંહના ઉપ૦માં પ્રકાશ પર્વના સમાપન સમારોહમાં સામેલ થવા માટે પટના સાહિબ ગયા હતા. આ દરમિયાન તેમણે કુર્તો પાયઝામો સાથે માથા પર ભગવા રંગની પાઘડી પણ પહેરી રાખી હતી.

પૂર્વ ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ કોરોના પોઝિટિવ

નવી દિલ્હી, તા. ૫

અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ માટેનો ચુકાદો આપનારા પૂર્વ ચીફ જસ્ટિસ રંજન ગોગોઈનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. રામ મંદિરને લઈને ઐતિહાસિક ચુકાદો આપનારા દેશના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ કોરોનાથી સંક્રમિત થઈ ગયા છે. ગયા વર્ષે નવેમ્બરમાં રંજન ગોગોઈની અધ્યક્ષતાવાળી બેંચે જ રામ મંદિરના પક્ષમાં ચુકાદો આપ્યો હતો. હાલમાં જ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો પણ કોરનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો ત્યારબાદ તેમને ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ સિવાય કર્ણાટકના મુખ્યમંત્રી બીએસ યેદીયુરપ્પા પણ કોરોનાનો ચેપ લાગ્યો છે.

રામમંદિર માટે મારું પણ એક સપનું હતું : અડવાણી

નવી દિલ્હી, તા. ૫

અયોધ્યામાં રામ મંદિરના ભૂમિ પૂજનની તૈયારીઓ પૂરી થઈ ચૂકી છે. આખી અયોધ્યા નવવધૂની જેમ સજાવી દેવાઈ છે. ૫ ઓગસ્ટે થનારા ભૂમિ પૂજનમાં લાલકૃષ્ણ અડવાણીને આમંત્રણ નથી અપાયું. જોકે, તેની પાછળ તેમની ઉમરને કારણ જણાવ્યું છે. હવે, લાલકૃષ્ણ અડવાણીએ એક સ્ટેટમેન્ટમાં કહ્યું છે કે, રામ મંદિર આંદોલનમાં સામેલ થવું મારા માટે સૌભાગ્યની વાત છે. ભાજપના સીનિયર નેતા લાલકૃષ્ણ અડવાણીએ કહ્યું કે, 'હું એ અનુભવું છું કે, રામ જન્મભૂમિ આંદોલન દરમિયાન, ભાગ્યથી મેં ૧૯૯૦માં સોમનાથથી અયોધ્યા સુધી રથયાત્રાના રૂપમાં એક મહત્વપૂર્ણ ફરજ નિભાવી જેણે પોતાના અગણિત સહભાગીઓની આકાંક્ષાઓ, ઉર્જાઓ અને જનૂનને મજબૂત કરવામાં મદદ કરી. અડવાણીએ



કહ્યું કે, 'ક્યારેક-ક્યારેક કોઈના જીવનમાં મહત્વપૂર્ણ સપના આવવામાં ઘણો સમય લાગે છે, પરંતુ જ્યારે તેને આખરે જાણ થાય છે, તો રાહ જોવાનું ઘણું સાર્થક થઈ જાય છે. એવું જ એક સપનું, મારા દિલની નજીક છે, જે હવે પૂરું થઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી શ્રી રામના જન્મસ્થળ અયોધ્યામાં શ્રી રામ મંદિર નિર્માણની આધારશિલા રાખી રહ્યા છે. તે ખરેખર મારા માટે જ નહીં, પરંતુ બધા ભારતીયો માટે એક ઐતિહાસિક અને ભાવનાત્મક દિવસ છે. તેમણે આગળ કહ્યું કે, 'રામ જન્મભૂમિ પર શ્રી રામ માટે એક ભવ્ય મંદિર ભારતીય જનતા પાર્ટી માટે એક ઈચ્છા અને મિશન રહ્યું છે. આ શુભ પ્રસંગે, હું રામ જન્મભૂમિ આંદોલનમાં બહુમૂલ્ય યોગદાન અને બલિદાન આપનારા ભારત અને દુનિયાના સંતો, નેતાઓ અને લોકો પ્રત્યે આભાર વ્યક્ત કરવા ઈચ્છું છું.' લાલકૃષ્ણ અડવાણીએ કહ્યું કે, 'મને એ વાતની પણ ઘણી ખુશી છે કે, નવેમ્બર ૨૦૧૯માં સુપ્રીમ કોર્ટના નિર્ણાયક ચુકાદાના કારણે, શ્રી રામ મંદિરનું નિર્માણ શાંતિના વાતાવરણમાં શરૂ થઈ રહ્યું છે. તે ભારતીયો વચ્ચેના બંધનને મજબૂત કરવામાં એક લાંબો રસ્તો બનાવશે. શ્રી રામ ભારતની સાંસ્કૃતિક અને સભ્યતાની વિરાસતમાં એક સન્માનિત સ્થાન પર બિરાજમાન છે અને અનુગ્રહ, ગરિમા અને આભૂષણના પ્રતીક છે. એ મારો વિશ્વાસ છે કે આ મંદિર બધા ઈન્ડિયનસ્ટોને તેમના ગુણો વિશે જણાવશે.

રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૦૭૩ કેસ : ૨૩નાં મોત

અત્યાર સુધીમાં ૨૫૫૭નાં મૃત્યુ થયા : ૧૪૭૩૯ સ્ટેબલ : ૭૬ વેન્ટીલેટર ઉપર : ૧૪૮૧૫ એક્ટીવ કેસ

ગાંધીનગર,તા.૫

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૨૪૩૭૪ ટેસ્ટ કરવામાં આવતા ૧૦૭૩ પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ સાથે કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૬૬ હજારને પાર થઈ ૬૬૭૭૭ થયો છે. રાજ્યમાં આજે ૨૩ મોત કોરોનાને લીધે નોંધાતા કુલ મૃત્યુઆંક ૨૫૫૭ થયો છે. રાજ્યમાં આજે ૧૦૪૬ દર્દીઓ ડિસ્ચાર્જ થયા હતા. આ સાથે કુલ ડિસ્ચાર્જ થવાનો આંકડો ૪૯ હજારને વટાવી ૪૯૪૦૫ થયો છે. રાજ્યમાં કુલ ૧૪૮૧૫ એક્ટિવ કેસ છે. જેમાં ૭૬ વેન્ટીલેટર પર અને ૧૪૭૩૯ સ્ટેબલ છે. રાજ્યમાં આજે બીજા દિવસે કોરોના પોઝિટિવનો આંકડો હજારને પાર હતો. રાજ્યના ૮ કોર્પોરેશન અને ૩૨ જિલ્લામાં કોરોનાનો ફેલાવો થયેલ છે. આરોગ્ય વિભાગની યાદી મુજબ કોવિડ-૧૯ના લીધે ૨૪ કલાકમાં રાજ્યમાં ૨૩ મોત નોંધાયા છે. જેમાં સુરત શહેરમાં ૬, અમદાવાદ શહેરમાં ૫, રાજકોટ શહેરમાં ૨ અને જિલ્લામાં ૩, જુનાગઢ શહેરમાં ૨, વડોદરા શહેરમાં ૨, ગાંધીનગર, જામનગર અને પાટણમાં ૧-૧ મોત કોરોનાને લીધે નોંધાયા છે. અમદાવાદ મહાનગરમાં ૧૪૩ અને જિલ્લામાં ૧૮ સાથે કુલ ૧૬૧ કેસ કોરોનાના આજે નોંધાયા છે. આ સાથે અમદાવાદમાં કુલ સંક્રમિતનો આંકડો ૨૭૨૮૩ થયો છે. આજે વધુ ૫ મોત કોરોનાને લીધે નોંધાતા કુલ મૃત્યુઆંક ૧૬૧૭ થયો છે. સુરત મહાનગરમાં આજે ૧૮૭ અને જિલ્લામાં ૫૦ સાથે કોરોનાના ૨૨૭ પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે સુરતમાં કુલ સંક્રમિતનો આંકડો ૧૪૨૯૮ થયો છે. આજે વધુ ૬ મોત સાથે કુલ મૃત્યુઆંક ૪૬૩ થયો છે. વડોદરા મહાનગરમાં ૯૮ અને જિલ્લામાં ૧૭ સાથે આજે કોરોના પોઝિટિવના ૧૧૫ કેસ નોંધાયા છે. વડોદરામાં બે દિવસથી સતત કોરોનાના કેસ ૧૦૦ને પાર થયો છે. શહેરમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૫૧૬૧ થયો છે. આજે વધુ ૨ મોત થતા ૮૮ મોત કોરોનાને લીધે નોંધાયા છે. રાજકોટ મહાનગરમાં આજે ૬૦ અને જિલ્લામાં ૨૦ સાથે ૮૦ કોરોનાના દર્દી નોંધાયા છે. આ સાથે રાજકોટમાં કુલ સંક્રમિતનો આંકડો ૨૨૩૮ થયો છે. આજે ૫ મોત કોરોનાને લીધે નોંધાતા મૃત્યુઆંક ૩૮ થયો છે. ગાંધીનગર મહાનગરમાં ૧૧ અને જિલ્લામાં ૧૬ સાથે ૨૭ કોરોનાના કેસ નોંધાયા હતા. આજે ૧ વધુ કેસ થતા મૃત્યુઆંક ૪૪ પહોંચ્યો છે.

પ્રતિક બનશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રામ મંદિરના નિર્માણની પ્રક્રિયા રાષ્ટ્રને જોડવાનો ઉપક્રમ છે. વિશ્વાસને વિદ્યમાન સાથે જોડવાનો આ પ્રસંગ છે. આજનો દિવસ કરોડો રામભક્તોના સંકલ્પની સત્યતાનું પ્રમાણ છે, તેમજ ન્યાયપ્રિય ભારતની વિશ્વને અનુપમ ભેટ છે. કોરોનાને કારણે આ કાર્યક્રમ અનેક મર્યાદા વચ્ચે થઈ રહ્યો છે. આ જ મર્યાદાનો અનુભવ આપણે ત્યારે પણ કર્યો હતો જ્યારે સુપ્રીમ કોર્ટે પોતાનો ઐતિહાસિક નિર્ણય સંભળાવ્યો હતો.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, માત્ર ભારત જ નહીં પરંતુ દુનિયાના અનેક દેશો સાથે રામ જોડાયેલા છે. રામ મંદિરના નિર્માણથી માત્ર ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં રામભક્તોમાં ખુશીનો માહોલ છે. આપણી હજારો વર્ષોની પરંપરાનો નિરંતર સંદેશ વિશ્વ સુધી પહોંચે તે આપણી વર્તમાન અને ભાવિ પેઢીની વિશેષ જવાબદારી છે. દેશમાં ભગવાન રામના ચરણ જ્યાં-જ્યાં પડ્યા ત્યાં શ્રીરામ સર્કિટનું નિર્માણ કરાઈ રહ્યું છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આપણે ધ્યાન રાખવાનું છે કે જ્યારે-જ્યારે માનવીએ રામને માન્યા છે ત્યારે વિકાસ થયો છે, અને જ્યારે આપણે ભટક્યા છીએ ત્યારે વિનાશનો રસ્તો ખૂલ્યો છે. આપણે તમામ સંભાવનાઓનું ધ્યાન રાખવાનું છે અને સૌની સાથે, સૌના વિશ્વાસ સાથે સૌનો વિકાસ કરવાનો છે. શ્રીરામે આપણને કર્તવ્યપાલનની શીખ આપી છે, અને પોતાના કર્તવ્યો કઈ રીતે નિભાવવા તેની શીખ આપી છે.

લાગણીનો મેળો ● ચોથા પાનાનું ચાલુ

આજના દર્શનાર્થીઓ તો પૂજા કરવા કઈક માંગવા કે પૂણ્ય પ્રાપ્ત કરવાના ઈરાદાથી આવતા હોય છે. વળી મંદિરમાં વારેવારે થતા ઘંટનાદમાં શાંતિની કલ્પના પણ કેવી છે?! શ્રાવણ માસ હોય કે કેટલીક નિશ્ચિત તિથિઓએ તો ભક્તિનું ઘોડાપુર ઉમટે છે. દરેક પોતપોતાની અનુકૂળતાએ આવે ને વૈયક્તિક પ્રાર્થના કરે. આમ એક સાથે લોકો આવે ખરા પણ એકબીજા સાથે કોઈ જ સંબંધ હોતો નથી.

પથ્થરોના મંદિરોના બદલે ઠેર ઠેર જો આવા વૃક્ષમંદિરો નિર્માણ થાય તો સમાજના આસ્તિક નાસ્તિકના ભેદો ભૂસાય. ધનનો પ્રભાવ ટળી જાય. ચમત્કારના ધતિંગો ન રહે. છપ્પન ભોગ અને પ્રસાદ બંધ થઈ જાય. વૃક્ષનું પ્રત્યેક પાંદડું એની ધજા અને દરેક ડાળી અનો ઘુમ્મટ.... તન મનને પ્રાણવાયુ પૂરા પાડનારા વૃક્ષ મંદિરોમાં વૃક્ષોના નિભાવની ચિંતા જ નહીં ઉલટું એ વૃક્ષો આપણો નિભાવ કરે. ધરતીના ખોળે રમતા આ દેવાલયોમાં હરિયાળો ભાવ રહેલો છે. વિકાસ પામતી તરુમૂર્તિઓ જેમની પાસે હું ભક્તિભાવથી જાઉં, પાણી સીચું આ મારી પૂજા છે. વૃક્ષોની ગુણપૂજા કરી એના ગુણો મારામાં આત્મસાત થાય આમ ન ખબર પડતા સર્વત્ર ઈશ-દર્શન કરવાની ટેવ વિકસે... મિત્રો, પ્રતિવર્ષ આવતો શ્રાવણ માસ, તન,મન, ધનથી સાચા અર્થમાં ધર્મમય બનવાની તક પૂરી પાડે છે. આપણે નર્યા બુદ્ધિજીવી કે બુદ્ધિવાદી ન રહેતા બુદ્ધિનિષ્ઠ બનીએ એ જ કલ્યાણ માર્ગ છે!!

સ્પર્શમણિ :

વિચાર, વિત્ત અને વ્યક્તિ,પ્રાચીન કાળમાં પણ આપણી સંસ્કૃતિક પરંપરાના કાળમાં આ ત્રણ વાતો બ્રહ્મર્ષિ, દેવર્ષિ અને રાજર્ષિ રુપે અસ્તિતવમાં હતી. બ્રહ્મર્ષિ નિરપેક્ષ ભાવે વ્યક્તિ અને સમષ્ટિના ઉત્થાનમાં વિચાર આપતા. દેવર્ષિ એ જ ભાવથી તે વિચારની ગંગા ઘરે પહોંચાડતા અને રાજર્ષિ આ વિચાર પહોંચાડવા જે અર્થમાં શક્તિ જોઈએ તે મદદ તરીકે નહીં પરંતુ પોતાનું કર્તવ્ય સમજી નિરપેક્ષ ભાવે દૈવિય વિચારો પહોંચાડવામાં ખરચતા.

(આનંદ)

rasikvaland1965@gmail.com
Mo. 9913426949

૧૮ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત કુડાસણમાંથી એક ૫૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેઓ પોઝીટીવ દર્દીના સંપર્કમાં હોવાથી તેઓનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. રાંધેજામાંથી આજે બે કેસ મળી આવેલ છે. જેમાં એક ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દી વિડીયોકોન કંપનીમાં નોકરી કરતા હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત એક ૭૯ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેઓ રાંધેજા ટ્રસ્ટની હોસ્પિટલમાં દવા લેવા માટે ગયાનું જાણવા મળેલ છે. આ વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવે તે પહેલાં જ તેમનુ મોત થયુ હતુ.

સરગાસણ ગામેથી પણ બે કેસ આજે મળી આવ્યા છે. જેમાં એક ૫૬ વર્ષીય પુરૂષ અને ૪૮ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે. પેથાપુરમાંથી પણ એક ૪૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામ અર્બન વિસ્તારમાંથી આજે વધુ એક કેસ સામે આવ્યો છે. ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. માણસા તાલુકામાંથી આજે વધુ ૩ કેસ સામે આવ્યા છે. જેમાં બે ગ્રામ્ય વિસ્તારના કેસો અને એક અર્બન વિસ્તારમાંથી કેસ મળી આવેલ છે. મળતી વિગતો પ્રમાણે ઈન્દ્રપુરા ગામેથી ૩૨ વર્ષીય પુરૂષ, ખરણા ગામેથી એક ૫૭ વર્ષીય પુરૂષ અને અર્બન વિસ્તારમાંથી એક ૨૬ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલમાંથી આજે ૪ કેસ પોઝીટીવ મળી આવ્યા છે. જેમાં બે કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને બે કેસ કલોલ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે કલોલના બોરીસણા ગામેથી ૫૮ વર્ષીય પુરૂષ, પલોડિયામાંથી ૫૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી એક ૨૯ વર્ષીય યુવાનનો અને કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી ૬૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલ કેસો પૈકી આજે વધુ ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૮૮૧ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવ્યું હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. જિલ્લા તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર હાલ ૨૨૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૭,૪૩૪ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. જિલ્લામાં પરિસ્થિતિની સમીક્ષા કરવા આજે પ્રભારી અગ્ર સચિવ સુનયના તોમરના અધ્યક્ષપદે બેઠક પણ મળી હતી.

નવા ૧૧ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે સે. ૨ માં રહેતા અને ડેઈલી પાર્સલ સર્વિસ સાથે સંકળાયેલ એક ૪૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ દર્દીના પાંચ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

પ્રાઈવેટ કંપનીમાં કોમ્પ્યુટર આસિ. તરીકે નોકરી કરતા અને સે. ૨૪ માં રહેતા એક ૨૯ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાનને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ યુવાનના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરન્ટાઈન કર્યા છે. અડાલજ પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઈ. તરીકે ફરજો બજાવતા અને સે. ૧૭ માં રહેતા કોરોના વોરિયર્સનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. પરિવારના બે સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૧ માં આજે એક જ પરિવારમાંથી ૩ કેસ નોંધાયા છે. જેમાં માતા-પિતા અને પુત્રનો સમાવેશ થાય છે. પિતા કોર્ટમાં લાલ દરવાજા ખાતે ફરજો બજાવે છે. માતા ગૃહીણી છે જ્યારે દિકરો યશ બેંકમાં મેનેજર છે. આ ત્રણેયનો રિપોર્ટ આજે પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

સે. ૫ માં રહેતો અને અભ્યાસ કરતો એક ૧૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાનને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. યુવાનના પરિવારના પાંચ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર ઓથોરીટીમાં આસિ. પ્રોફેસર તરીકે સેવાઓ આપતા અને સે. ૨૨ માં રહેતા ૩૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તેમના પરિવારની એક વ્યક્તીને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે.

સે. ૨૫ માં રહેતા અને ગુડામાં ક્લાર્ક તરીકે નોકરી કરતા ૪૦ વર્ષીય પિતાનો અને તેમની ૧૩ વર્ષીય દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ દર્દીઓના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

આ ઉપરાંત સે. ૨૫ માં જ ત્રીજો કેસ એક વિદ્યાર્થીનો નોંધાયો છે. ૨૧ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. વિદ્યાર્થીના પરિવારના ૨ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

આજે નોંધાયેલા ૧૧ કેસમાંથી ૪ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારનાર દર્દીઓની સંખ્યા વધી રહી છે. જો કે હાલ શહેરમાં ૪૮ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

શહેરમાં ૩૫૦ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ હોવાનું જાણવા મળેલ છે. શહેરમાં નોંધાયેલા કેસોમાંથી ૩૯૦ થી વધુ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જ્યારે ૧૨૫ થી વધુ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેરમાં કેસોની સંખ્યા વધી રહી છે પણ રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત છે. શહેરમાં ૫૪૦૦ થી વધુ ટેસ્ટ અત્યાર સુધીમાં કરવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

વાંચતા નથી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતો અને વર્ષ ૨૦૧૩ થી ૧૫ દરમિયાન બેંક ઓફ બરોડામાં નોકરી કર્યા બાદ ઘરે રહીને જી પી એસ સી ની તૈયારી કરી હતી જેના અંતે વર્ષ ૨૦૧૯માં સુરતમાં વેરા અધિકારી તરીકે વર્ગ-૨ ની નોકરી સ્વીકારી હતી. આમછતા સનદી અધિકારીની પરીક્ષામાં સફળતા મેળવવાની પ્રબળ ઈચ્છા સતત પ્રોત્સાહક બની રહેતા તે દિશામાં તૈયારીઓ શરૂ કરી દીધી હતી.પોતાના કાકા પંકજ આગજા આઇ પી એસ તરીકે સેવા આપતા હતા જયારે ડી જી તરીકે નિવૃત થયા હતા જેમને રોલ મોડેલ માનતા પ્રણવનો અફસર બનવા માટેનો આત્મવિશ્વાસ વધુ બુલંદ બન્યો હતો. પ્રણવના પિતા સ્વ ગોવિંદભાઇ આગજા પોષ્ટ કચેરીમાં આશિષ્ટન્ટ તરીકે ફરજ બજાવતા હતા. જયારે માતા હાલ સે-૧૬ સ્થિત એલ આઇ સી ની કચેરીમાં નોકરી કરે છે. જયારે બહેન હેતલ પણ ગુજરાત સ્ટેટ સિવિલ સપ્લાયમાં નોકરી કરે છે. પ્રણવ વધુમાં જણાવે છે કે ગુજરાતના વિદ્યાર્થીઓ ન્યુઝપેપરનુ બહુ ઓછુ વાંચન કરે છે. જે તેમની નબળી બાબત ગણી શકાય. આ પ્રકારની પરીક્ષામાં ઉત્તિર્ણ થવા માટે અખબારોનો અભ્યાસ પણ જરૂરી જેના વાંચનથી જનરલ નોલેજ પણ વધે છે. તેમના જણાંવ્યા મુજબ યુ પી,બિહારના ઉમેદવારો પાસે અન્ય વિકલ્પો નથી માટે તેઓ સતત સ્પર્ધાત્મક પરીક્ષા માટે સજ્જ રહે છે. જયારે ગુજરાતમાં ધંધા વેપારનુ વિશેષ મહત્વ છે. આમ જોઈએ તો ગુજરાતીઓ થોડા લહેરી લાલા છે.. અફસરી કરીને દેશમાં શિક્ષણ ક્ષેત્રે કાંઈ વિશેષ કરવુ છે. આજના શિક્ષણમાં ગોખણીયુ જ્ઞાન વધુ છે. ત્યારે પ્રેકટીકલ એપ્રોચ વધારવાની અનિવાર્યતા છે. બાળકો પોષણયુકત બને તેમજ દેશમાં શિક્ષણ અને આરોગ્યસેવા વધુ અસરકારક બને તો ભવિષ્ય વધુ ઉજળુ બને તેમ છે. હાલ કોરોનાની મહામારે અંગે તેમણે જણાંવ્યુ હતુ કે ટેસ્ટીંગ વધારીને આરોગ્ય સેવામાં પણ હજુ સુધાર લાવવા જોઈએ. ગાંધીનગરમાં વર્ષોથી રહેતા પ્રણવના મતે નાના હતા ત્યારે ગાંધીનગર વધુ ગ્રીન જોવા મળતુ હતુ. ત્યારે એજયુકેશન હબ બનતા શહેરમાં વધુ હરિયાળી નિખરે તે માટે પણ પ્રયત્નશીલ રહેવુ જોઈએ. પ્રણવે આ પરીક્ષામાં નવમી વખત પ્રયાસ કરીને સફળતા મેળવી છે. ઈન્ટરવ્યુ દરમિયાન દેશની ઈસ્ટ - વેસ્ટ બોર્ડર અંગેના પ્રશ્નો પણ ફેઈસ કર્યા હતા. કીતાબી વાંચન સિવાય તેમને ડીઝીટલ મિડીયા પર ક્રાઈમ અને કોમેડી શો નિહાળવાનુ ખુબ ગમે છે.

બેઠક મુલત્વી... ● અનુસંધાન છેલ્લાનું